ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G0

# ગાંધીનગર-નલિયામાં પારો ૧૦થી ડિગ્રીથી નીચે

## કોલ્ડવેવની ચેતવણી વચ્ચે સૌરાષ્ટ્ર-કચ્છમાં આગામી બે ત્રણ દિવસ દરમિયાન પારો ૨-૩ ડિગ્રી સુધી ઘટી શકે છે

ગાંધીનગર, તા.૨૫

ગાંધીનગર સહિત રાજયભરમાં ઠંડીનો ચમકારો અનુભવાઈ રહ્યો છે. આગામી બે દિવસ માટે કોલ્ડવેવની ચેતવણી પણ જારી કરવામાં આવી છે. સૌરાષ્ટ્ર-કચ્છ અને ખાસ કરીને ભાવનગર, ઉત્તર ગુજરાતના બનાસકાંઠા, સાબરકાંઠામાં કોલ્ડવેવની ચેતવણી જારી કરવામાં આવી છે. રાજ્યના વિવિધ ભાગોમાં પારો ૧૦થી પણ નીચે પહોંચ્યો છે જેમાં નલિયામાં ૯.૩ અને ગાંધીનગરમાં ૯.૬ સુધી પારો પહોંચ્યો હતો. આજે અમદાવાદ શહેરમાં લઘુત્તમ તાપમાન સોમવારની સરખામણીમાં ઘટીને ૧૦.૪ ડિગ્રી થઈ ગયું હતું. જ્યારે ડીસામાં પારો ગઈકાલની સરખામણીમાં આજે વધ્યો હતો અને લઘુત્તમ તાપમાન ૧૧.૪ રહ્યું હતું. ગાંધીનગરમાં પારો ગગડીને ૯.૬ થયો હતો. અમદાવાદમાં ઠંડીનો ચમકારો રહેતા લોકો ગરમ વસ્ત્રોમાં સજ્જ દેખાયા હતા. ઠંડીમાં એકાએક વધારો થતાં ગરમ વસ્ત્રોના બજારમાં જોરદાર તેજી જામી છે. હાલમાં મિશ્ર સિઝન હોવાના લીધે નાના બાળકો અને મોટી વયના લોકોને સાવધાન રહેવાનો પણ ગાળો છે. હાલમાં તબીબો પાસે જુદા જુદા પ્રકારના બેવડી સિઝનના ઈન્ફેકશન અને ફુડ પોઈઝનીંગના કેસો સાથે લોકો વધુ આવી રહ્યા છે. અમદાવાદમાં હવે રાત્રિ ગાળામાં ઠંડીના લીધે ટ્રાફિકની સ્થિતિ ઓછી જોવા મળી રહી છે. અમદાવાદ શહેરમાં વહેલી સવારથી જ લોકો ગરમ વસ્ત્રોમાં નજરે પડે છે. વહેલી સવારમાં બાગ બગીચા હવે હાઉસફુલ નજરે પડી રહ્યા છે. અમદાવાદ માટેની આગાહીમાં જણાવવામાં આવ્યું છે કે, અમદાવાદમાં પારો આવતીકાલે યથાસ્થિતિમાં રહી શકે છે અને તાપમાનમાં નજીવો ફેરફાર જોવા મળી શકે છે. હવામાન વિભાગ તરફથી ચેતવણી જારી કરાયા બાદ ઠંડીને લઈને લોકો સજ્જ છે. અમદાવાદ માટેની આગાહીમાં જણાવવામાં આવ્યું છે કે લઘુત્તમ તાપમાન આવતીકાલે ૯ ડિગ્રીની આસપાસ રહી શકે છે. હવામાનના કહેવા મુજબ આગામી બે ત્રણ દિવસના ગાળા દરમિયાન લઘુત્તમ તાપમાનમાં બેથી ત્રણ ડિગ્રીનો ઘટાડો થઈ શકે છે. અમદાવાદમાં આજે દિવસ દરમિયાન ઠંડા પવનો ફુંકાયા હતા અને લોકોએ ઠંડીનો અનુભવ કર્યો હતો. તીવ્ર ઠંડીના લીધે જનજીવન ઉપર પણ અસર થઈ છે. ગુજરાતના મોટાભાગના વિસ્તારોમાં આગામી દિવસોમાં ઠંડી વધવાના સંકેત છે. હવે ધીરેધીરે ઠંડી પોતાની અસર દેખાડતી જઈ રહી છે. ત્યારે આગામી દિવસોમાં હજુ પણ ઠંડીનો પારો વધુ નીચે સરકે તેવી આગાહી પણ વ્યકત કરાઈ છે ત્યારે શિયાળાની ઠંડી પ્રેમી નાગરિકો ખુશીની લાગણી વ્યકત કરી રહ્યા છે. હાલમાં નીચલી સપાટી પર ઉત્તરથી ઉત્તર-પૂર્વીય પવનો ફુંકાઈ રહ્યા છે.



# ઈ-પ્રોજેકટસ લોચિંગ સમારોહની સાથે... સાથે...



- આજે આ કાર્યક્રમ એક સાથે રાજયના ૨૧ જિલ્લામાં યોજવામાં આવ્યો હતો.
- સમારોહમાં ભાવનગર ડી.ડી.ઓ. દ્વારા શિક્ષકોના ઈનોવેશન માટે ફંડની રચના તેમજ શિષ્યવૃત્તિની પરીક્ષામાં જિલ્લાના બાળકો માટેના પ્રોત્સાહક પુરસ્કાર સ્વભંડોળમાંથી આપવાની વાત સૌને સ્પર્શી ગઈ હતી.
- આ કાર્યક્રમમાં ઉપસ્થિત નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલને પાટણ, મહેસાણા જિલ્લો આવતાં તેમજ તાપી, છોટા ઉદેપુર તેમજ ભરૂચમાં ગણપતભાઈ વસાવાને, ભાવનગરમાં વિભાવરી બેન દવેને ઉપરાંત અમદાવાદ જિલ્લો દાહોદ અને રાજકોટ જિલ્લો આવતાં ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ પણ વિડીયો કોન્ફરન્સના માધ્યમથી ઉપસ્થિત આગેવાનો અને વિદ્યાર્થીઓ સાથે વાત કરી હતી.
- રાજયના શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ તેમના પ્રાસંગિક ઉદબોધનમાં શિક્ષણ વિભાગના સંકલ્પોનો ઉલ્લેખ કરી જણાવ્યું



હતું કે આગામી ચાર વર્ષમાં રાજયના દરેક ગામમાં સાક્ષરતા દર ૮૫ ટકા સુધી લઈ જવાની નેમ છે. તેમણે ૨૦૧૯ના એન.એ.એસ.ના ચાર ઈન્ડીકેટરમાં ગુજરાતનો દેખાવ નબળો અને મધ્યમ હતો તેમાં સુધારો કરી દેશમાં પ્રથમ આવવાના સંકલ્પની ઘોષણા કરી હતી.

- રાજયના નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલે મહેસાણાના ધારાસભ્ય તરીકે ગાયકવાડી રાજની સ્કુલોની સુવિધાઓ સુધારવા રજુઆત કરી હતી.
- આજના આ ઈ-લોચિંગ પ્રોજેકટસમાં જિલ્લાની ૮ શાળાનું લોકાર્પણ, ૮ શાળાના ૩૭ ઓરડાની ખાત વિધિ તેમજ પોલીટેકનીક કોલેજના કેમીકલ એન્જી. ડિપાર્ટમેન્ટના અલાયદા સંકુલનું પણ લોકાર્પણ કરવામાં આવ્યું હતું.
- ૧૨ વાગ્યાનો કાર્યક્રમ નિયત સમયે જ શરૂ થઈ ગયો હતો જો કે કાર્યક્રમને અંતે હાજર રહેલા સૌને ફૂડ પેકેટસ અપાયા હતા અને જે લેવા માટે પડાપડી થઈ હતી.
- નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલે આજે વિપક્ષોનું નામ લીધા સિવાય કહ્યું હતું કે અમે વિકાસ માટે જે ખર્ચ કરી રહ્યા છીએ તે આ છે. વિધાનસભામાં મંજૂરી મળશે તો આ કાર્યક્રમની સીડી બતાવીશ.

# મુખ્યમંત્રી અમૃતમ્ વાત્સલ્ય યોજના અંતર્ગત જિલ્લામાં સૌથી વધુ લાભાર્થીઓએ લાભ લીધો

## મા યોજના અંતર્ગત ૮ માસમાં ૧૬ કરોડથી વધુનો સારવાર ખર્ચ સરકારે ભોગવ્યો

ગાંધીનગર, તા.૨૫

ગાંધીનગર જિલ્લામાં મુખ્યમંત્રી અમૃતમ્ યોજના 'મા' કાર્ડ અને મુખ્યમંત્રી અમૃતમ્ વાત્સલ્ય કાર્ડ યોજના તેમજ સિનીયર સિટીઝન કાર્ડ યોજના અંતર્ગત ૮ માસમાં જ ૧૦,૪૮૨ લોકોએ રૂ. ૧૬ કરોડ ૩૧ લાખથી વધુ રકમની સારવાર લીધી છે.

તાજેતરમાં જિલ્લાના પ્રભારી મંત્રી પરબત પટેલના અધ્યક્ષસ્થાને મળેલી ડિસ્ટ્રીકટ હેલ્થ મિશનની બેઠકમાં આ અંગેની વિગતો આપવામાં આવી હતી.

મળતી વિગતો પ્રમાણે જિલ્લામાં મુખ્યમંત્રી અમૃતમ્ યોજનાના ૩૮,૯૫૮ કુટુંબ મુખ્યમંત્રી અમૃતમ્ વાતસલ્ય યોજના હેઠળ ૯૫,૩૭૩ કુટુંબો સિનીયર સિટીઝન કાર્ડ ૪૭૪, કર્મયોગી કાર્ડ ૫૦ અને રિપોર્ટર માટેના કાર્ડ ૩૭ મળી કુલ ૧,૩૪,૮૫૪ પરિવારોને આવરી લેવામાં આવ્યા છે.

જિલ્લામાં સૌથી વધુ લાભ મુખ્યમંત્રી અમૃતમ્ વાતસલ્ય યોજના અંતર્ગત ૯૮૫૧ પરિવારોએ લાભ લીધો છે. જેમની સારવાર પાછળ ૧૪ કરોડ ૮૯ લાખ ૩૨ હજારથી વધુનો ખર્ચ થયો છે. જયારે મુખ્યમંત્રી અમૃતમ્ યોજના અંતર્ગત ૫૩૦ પરિવારોએ લાભ લીધો છે. જેમની સારવાર પાછળ ૧ કરોડ ૩૧ લાખ ૪૯ હજારથી વધુનો ખર્ચ થયો છે.

● અનુસંધાન પાન-૭ પર

# વાઈબ્રન્ટમાં નગરનો રાત્રિ નઝારો બદલાશે રંગબેરંગી રોશનીથી સુશોભિત કરાશે

## મુખ્યમાર્ગો સહીત સ્વર્ણિમ પાર્ક , જાહેર સ્થળો તેમજ હરિયાળા વૃક્ષોને રોશનીથી શણગારો : રાત્રિની રોનક આકર્ષણનુ કેન્દ્ર બનશે

ગાંધીનગર તા ૨૫

ગાંધીનગરમાં આગામી વાઈબ્રન્ટ સમિટ દરમિયાન સમગ્ર શહેરમાં રોશનીની જળહળા જોવા મળશે. રાત્રિના સમયે રંગબેરંગી સ્વર્ણિમ પાર્કને પણ રોશનીની જાકમજોળ હેઠળ આવરી લેવાશે.

ગાંધીનગરમાં હાલ વાઈબ્રન્ટ સમિટના ઓવારણા લેવા માટે તડામાર તૈયારીઓ ચાલી રહી છે. આવી છે. ત્યારે નગર રાત્રિના સમયે પણ દુલ્હનની જેમ નિખરે તે માટે શહેરના વિવિધ માર્ગો તેમજ જાહેર સ્થળો પર રોશની કરવા માટે આયોજન કરાયુ છે. આ માટે



રોશનીથી શહેર નિખરી ઉઠશે.આ માટે તંત્ર દ્વારા ત્રણથી ચાર પ્લાન તૈયાર કરાયા હતા. જયારે નગરને રોશનીથી સુશોભિત કરવા માટે પ્રાયોગિક ચકાસણી પણ કરી લેવામાં આવી છે. જયારે ટુંકમાં જ આ આયોજન આખરી કરી દેવાશે. વૃક્ષોને અને જાહેર સ્થળો ઉપરાંત વાઈબ્રન્ટ સમિટને અનુલક્ષી નગરને વાઈબ્રન્ટ લુક આપવા માટે સુશોભનના કામો પણ પુરજોશમાં ચાલી રહ્યા છે. નગરના માર્ગો તેમજ ફુટપાથ અને સેન્ટ્રલ વર્જ સહીતના વિસ્તારમાં પ્લાન્ટેશન કલરકામ તેમજ રોડ ફર્નિચર સહીતની કામગીરી હાથ ધરવામાં એજન્સીને અગાઉ સર્વે અને અભ્યાસ કરવાનુ કામ સોંપાયુ હતુ. જેના અંતે નગરને રંગબેરંગી રોશનીથી સુસોભિત કરવા માટે ત્રણ થી ચાર પ્લાન તૈયાર કરવામાં આવ્યા હતા. જયારે આ મુજબ વિવિધ પેટર્ન પર રોશની કરવા માટે તંત્ર દ્વારા પ્રયોગિક ધોરણે ટેસ્ટ પણ કરી દેવાયો છે. જયારે હવે આગામી દિવસોમાં આ મુજબ રોશની કરવા માટે પણ આખરી આયોજન કરવામાં આવશે. વાઈબ્રન્ટ સમિટ દરમિયાન રાત્રિનો નઝારો પણ બદલાઈ જાય છે. નગરના ચકાચક માર્ગો પર કેટ આઈ ની ચમકતી લાઈટ વચ્ચે આસપાસના વિસ્તારમાં પણ રોશની જગમગતી જોવા મળશે. જયારે મુખ્યમાર્ગો આસપાસના બિલ્ડીંગો તેમજ સ્વર્ણિમ પાર્કમાં પણ રોશનીની જાકમજોળ જોવા મળશે. શહેરની હરિયાળીમાં પણ રંગબેરંગી લાઈટીગ જોવા મળશે. જયારે લાઈટીંગ ટાવર પણ રોશનીની હારમાળાથી સુશોભિત કરવામાં આવશે.

# આજે પ્રેદશ ભાજપની બેઠક : લોકસભાની ચુંટણી અંગે ચર્ચા વિચારણા હાથ ધરાશે

## પ્રદેશ પ્રમુખ તેમજ મુખ્યમંત્રીની હાજરીમાં બેઠકનુ આયોજન પ્રભારી તથા પદાધિકારીઓ પણ મોટી સંખ્યામાં હાજર રહેશે

ગાંધીનગર તા ૨૫

લોકસભાની ચુંટણીનો સમય જેમ નજીક આવતો જાય છે. તેમ રાજકીય ઉત્તેજના વધુ પ્રબળ બની રહી છે. થોડા સમય અગાઉ યોજાયેલી વિવિધ રાજયોની ચુંટણીને અનુલક્ષીને પણ રાજકીય ગરમાવાનો માહોલ જોવા મળ્યો હતો. જયારે ચુંટણીના આયોજનને અનુલક્ષી ચર્ચા વિચારણા કરવા રાજકીય પક્ષો દ્વારા ચુંટણીલક્ષી બેઠકો પણ શરૂ કરી દેવામાં આવી છે. પ્રદેશ ભાજપની બેઠકનુ પણ આજે સાંજે ૭ કલાકે કમલમ કાર્યાલય ખાતે આયોજન કરાયુ છે.

આગામી લોકસભાની ચુંટણીના દિવસો જેમ નજીક આવતા જાય છે તેમ રાજકીય ગતિવિધિઓ પણ તેજ બનતી જાય છે. જો કે લોકસભાની ચુંટણીને હજુ સમય છે. પરંતુ થોડા સમય અગાઉ જ યોજાઈ ગયેલી વિવિધ રાજયોની ચુંટણી તેમજ ગુજરાતમાં જસદણ બેઠકની પેટા ચુંટણીને અનુલક્ષી રાજકીય ઉત્તેજના પ્રબળ બની છે. જયારે આગામી લોકસભાની ચુંટણી રાજકીય પક્ષો માટે પ્રતિષ્ઠાનો જંગ બની રહેશે ત્યારે ચુંટણી લક્ષી ચકરાવો પણ ધીમે ધીમે મંડરાઈ રહ્યા છે. રાજકીય પક્ષો ચુંટણીને મધ્યનજરે રાખીને નવતર આયોજન કરી રહ્યા છે. ત્યારે રાજકીય પક્ષોમાં ચુંટણીના આયોજનને અનુલક્ષી બેઠકોનો દૌર પણ શરૂ થઈ ગયો છે. પ્રદેશ ભાજપ દ્વારા આ મામલે એક બેઠકનુ પણ આયોજન કરાયુ છે.તા ૨૬ ડિસેમ્બરના રોજ પ્રદેશ ભાજપની બેઠક પક્ષના પ્રદેશ અધ્યક્ષ જીતુભાઈ વાઘાણી તેમજ મુખ્યમંત્રી વિજય રૂપાણીની અધ્યક્ષતામાં મળશે. તા ૨૬ ડિસેમ્બરના રોજ સાંજે ૭ કલાકે પ્રદેશ કાર્યાલય કમલમ ખાતે યોજાનારી આ બેઠકમાં પ્રદેશ કોર ટીમ, લોકસભા ચુંટણી આયોજન સમિતિ, રાજય સરકારના જિલ્લા પ્રભારી મંત્રીઓ તેમજ જિલ્લા મહાનગર પ્રભારી ઉપરાંત જિલ્લા પ્રમુખ, લોકસભા સીટના પ્રભારી, ઈન્ચાર્જ સહ ઈન્ચાર્જ આ બેઠકમાં ભાગ લેશે.




www.capitaloffset.in

કેપિટલ ઓફસેટ ®

AN ISO 9001:2008 Certified Company

મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ

રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯ મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,

E-mail : capitaloffsetgujarat@gmail.com

ઓફિસ : ૬૦૩ - ૬૦૪, છઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯

બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિકસ ડિઝાઈનીંગ










બેસણું

અમારા વહાલસોયા પૌત્ર **મયુર અંબાલાલ ઠાકોર** (એડવોકેટ) તા. ૨૩-૧૨-૧૮ના રોજ સ્વર્ગવાસી થયેલ છે. સદ્‌ગતનું બેસણું તા. ૨૭-૧૨-૧૮ ને ગુરૂવારના રોજ સવારે ૦૮:૩૦ થી ૧૧:૦૦ દરમિયાન નીચેના સ્થળે રાખેલ છે.

સ્થળ : નિલકંઠ મહાદેવ મંદિરનો હોલ, દેના બેંક પાછળ, અસારવા ગામ પાસે, અમદાવાદ.

સ્વ. ગાભાજી મંગાજી ઠાકોર (પૂર્વ મંત્રી શ્રી, ગુજરાત સરકાર)

અંબાલાલ ગાભાજી ઠાકોર (એડવોકેટ) ૯૮૨૫૩ ૦૩૭૬૭
રમણલાલ ગાભાજી ઠાકોર (એડવોકેટ) ૯૮૨૫૪ ૬૫૯૭૨
મનુજી ગાભાજી ઠાકોર-૯૮૨૫૧ ૮૩૪૨૨
રવિ રમણલાલ ઠાકોર (એડવોકેટ)

દિવ્યરાજસિંહ મનુજી ઠાકોર
ક્રિશા મયુર ઠાકોર (પુત્રી)
વત્સીન મયુર ઠાકોર (પુત્ર)
ઈશાન રવિ ઠાકોર
કબીર રવિ ઠાકોર

નોંધ : સામાજીક રીત રીવાજ મુજબનું બેસણું ૧૧:૩૦ પછી અમારા નિવાસ સ્થાન પોપટલાલ આત્મારામની નવી ચાલી, ચમનપુરા, અસારવા, અમદાવાદ મુકામે રાખેલ છે.



Walk in Interviews

Enhira Software Ltd

Wanted Data Entry Operators
Scanning Work
Qlf : 10th pass and above
Work in GandhiNagar, Ahmedabad and Nadiad

Contact on
GandhiNagar - 9712731955
Ahmedabad - 8264818203



ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...

SANGHI CEMENT · KisaN · ashirvad · BENELAVE · DR. FIXIT · TATA STEEL • PIPES • SHEETS · ET TMT BARS Mazboot Bharat ki Pehchan

જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ



ઈશ્વરકૃપા ટાયર સર્વિસ

ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા

BRIDGESTONE · apollo go the distance · CEAT

એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા

તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે

પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૯૭૭૩૪૧૭૮૩૮, ૮૧૪૦૪ ૬૦૭૬૭ (W)


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com